# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-11-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRAFUL PANSERIYA PRINCIPAL SUSPEND

સુરત મહાનગરપાલિકા સંચાલિત અમરોલી શાળાના આચાર્ય સંજય પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ શાળાના આચાર્ય શિક્ષક તરીકેની ફરજ દરમિયાન જાણ કર્યા વિના 33 વખત ધંધાર્થે દુબઇના પ્રવાસે ગયા હતા.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ આ અંગે જણાવ્યું છે કે, રાજ્યના લાખો શિક્ષકો કર્તવ્ય નિષ્ઠાથી પોતાની ફરજ બજાવી રહ્યા છે, ત્યારે સુરતમાં બિનઅધિકૃત રજા પર હોય તેવા બે શિક્ષકોની વિગતો મળી છે. પોતાના સ્વાર્થ માટે બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરનાર શિક્ષકોને માફ કરવામાં નહીં આવે..

## (બાઇટ- પ્રફુલ્લ પાનસેરિયા- શિક્ષણ રાજ્યમંત્રી)

# NAMO SARSWATI VIGYAN SADHNA YOJNA

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓને 28 કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે, જ્યારે નમો સરસ્વતી યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહના ધોરણ 11 અને 12માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને 25 હજારની સહાય આપવામાં આવે છે.

રાજ્યની શાળાઓમાં આ યોજનાના સુચારુ સંચાલન માટે “નમો સરસ્વતી પોર્ટલ” શરૂ કરવામાં આવ્યું છે. તમામ શાળાઓ વિદ્યાર્થીઓની નોંધણી વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ પોર્ટલમાં

કરવામાં આવે છે. યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આર્થિક સહાયની ચૂકવણી વિદ્યાર્થીઓના બેન્ક ખાતા દ્વારા કરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિકસિત ભારત @ 2047ના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યના વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે વર્ષ 2024-25ના બજેટમાં આ બે નવી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી.

## GANDHINAGAR RAMTOTSAV

હોમગાર્ડ્સ અને નાગરિક સંરક્ષણ દળના જવાનો માટેનો રાજ્યકક્ષાનો રમતોત્સવ આજે ગાંધીનગરના સાંઇ સ્પોર્ટસ ઓથોરિટી ગ્રાઉન્ડ ખાતે શરૂ થયો છે. રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ રમતોત્સવનો શુભારંભ કરાવ્યો હતો.

આ રમતોત્સવમાં પુરુષ તથા મહિલા શ્રેણીમાં 100, 200, 400 મીટર દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક અને રસ્સા ખેંચ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પુરુષોની શ્રેણીમાં કબડ્ડી, વોલીબોલ અને મહિલા શ્રેણીમાં ખો- ખો જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## MAHISAGAR BHADAR DAM

મહિસાગર જીલ્લાના ભાદર બંધમાંથી રવિપાક માટે ભાદર કેનાલ મારફતે 50 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ પાણી છોડવાથી જીલ્લાના ત્રણ તાલુકાના 60 ગામોની આઠ હજાર હેક્ટર જમીનને પાણી

મળશે. આ વર્ષે સારા ચોમાસાને કારણે ભાદર બંધ 100 ટકા ભરાયો હોવાથી જેમ જેમ ખેડૂતોની માંગ થશે તેમ તેમ પાણી છોડવામાં આવશે.

# SURENDRANAGAR ADHIVESHAN

સુરેન્દ્રનગર જીલ્લાનો 28મો શૈક્ષણિક અધિવેશન કાર્યક્રમ નાયબ મુખ્ય દંડક જગદિશ મકવાણાની ઉપસ્થિતિમાં ત્રિમંદિર ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી મકવાણાએ કહ્યું હતું કે, આજના ઝડપી યુગમાં બાળકોને સમય સાથે ઝડપી બનાવવા માટે શિક્ષકો પણ સતત અપડેટ થવું પડશે. નવી શિક્ષણ નીતિ અમલી થતાં શિક્ષકોએ નવી બાબતો, નવી ટેકનિક શીખવી આવશ્યક છે. જેથી બાળકોને ઉચ્ચ કોટીનું શિક્ષણ આપી તેમનું ભાવિ ઉજ્જવળ બનાવી શકાય.

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધી દિનેશ પરમાર જણાવે છે કે, આ કાર્યક્રમમાં ધોરણ 10 અને 12ના તેજસ્વી વિદ્યાર્થીઓ અને જુદા જુદા ક્ષેત્રમાં સિધ્ધિ મેળવનારા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ACCIDENT

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલી અને આણંદ જીલ્લાના પેટલાદમાં થયેલા બે જુદા જુદા માર્ગ અકસ્માતમાં સાત વ્યક્તિઓના મોત અને 15થી વધુ વ્યક્તિઓને ઇજા થઇ છે.

દાદરાનગર હવેલીના ખાનવેલ દૂધની રોડ પાસે આવેલા ઉપલા મેઘા ગામે કાર ચાલકનો સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર મોટા પથ્થર સાથે ટકરાઇ હતી અને પલટી ગઇ હતી. જેના કારણે ચાર લોકોના ઘટનાસ્થળે મોત નિપજ્યાં હતા. એક વ્યક્તિનો ચમત્કારિક બચાવ થયો

હતો. અમારા દમણના પ્રતિનિધી પ્રદિપ ભાવસાર જણાવે છે કે, સુરતના પાંચ મિત્રો કારમાં ખાનવેલ તરફ જઇ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકોએ કારની પેનલ કાપીને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બીજા એક બનાવમાં આણંદ જીલ્લાના પેટલાદના ધર્મજ- વડદલા નજીક આજે સવારે લક્ઝરી બસ અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યાં હતા. 15 વ્યક્તિઓને ઇજા થઇ છે.

અમારા આણંદના પ્રતિનિધી પરેશ મકવાણા જણાવે છે કે, રાજકોટથી સુરત જઇ રહેલી લક્ઝરી બસ સાથે કાર અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણેય મૃતકો રાજકોટના હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ અને 108 એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચીને ઇજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યા હતા.